सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૨૦ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૫૦/૨૦૨૬**

**અરજદાર:–** શૈલેષભાઈ રતિભાઈ પટેલ
ઉ.વ.આ. ૫૦, ધંધો–ખેતી તથા રીક્ષા ડ્રાઈવીંગ
રહે. વરાછા લમ્બે હનુમાન એલ.એચ.રોડ,
ત્રીકમનગર–૦૨, આસોપાલવ એપાર્ટમેન્ટ નં. ૧૦૩,
મુ. પો. તા. જિ. સુરત
મુળ રહે. ટીમ્બા ફળીયું, પટેલવાડો,
મુ. આંત્રોલી, તા. કપડવંજ, જિ. ખેડા.
**(હાલ રહે. જિલ્લા જેલ બીલોદરા, નડીઆદ)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

****************************************************************

અરજદારો તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. એ. શેખ
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ

****************************************************************

**-:: આંક-૦૧ અન્વયે હુકમ ::-**

(૧) સદર કામે અરજદાર/આરોપી આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨ ૦૪૦૦૬૨૬૦૦૪૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબના કામે જયુડીશ્યલ કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી, શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ પોતાના ઘર આગળ પીકઅપ ડાલુ ઉભુ રાખી લાકડા ઉતારતા હોય તેવામા આરોપી નં. ૧ નાએ આવીને ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી કહેવા લાગેલ કે કેમ રસ્તામાં ડાલુ ઉભુ રાખેલ છે ? જેથી ફરીયાદીએ જણાવેલ કે ડાલુ રસ્તાની સાઈડમા છે અને લાકડા ઉતારીને ડાલુ ખસેડી લઈશું તેમ કહેવા જતા આ કામના આરોપીઓએ ફરીયાદીને ગડદા પાટુનો માર મારવા ફરી વળેલા. તેવામા આરોપી નં. ૨થી ૬નાઓ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી મારી નાંખવાના ઈરાદે ફરીયાદીના સાહેદ લક્ષ્મીબેનને આરોપી નં. ૨ નાએ માથાના ભાગે ધારીયું મારી મોત નિપજાવવાના ઈરાદે જીવલેણ હુમલો કરી લોહી કાઢી ગંભીર ઈજા કરી આરોપી નં. ૩નાઓએ ફરીયાદીને કપાળના ભાગે તેમજ બરડાના ભાગે તેમજ ડાબા હાથે આંગળીઓ ઉપર લાકડી મારી ફ્રેકચર કરી તેમજ આરોપી નં. ૪ નાઓએ ફરીયાદીને બરડાના ભાગે લાકડી મારી ઈજા કરી તેમજ આરોપી નં. ૫-૬નાઓએ ફરીયાદી તથા ફરીયાદીના સાહેદને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તમામ આરોપીઓએ ફરીયાદી તથા ફરીયાદીના સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી હાલ ચાલતા મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી ખેડા નડીઆદના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. જે મતલબની આંતરસુંબા પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી કે કોઈ ગુનો કરે તેવા નથી. ફરીયાદ જોતા અરજદારે ફરીયાદીને કે તેના સાહેદોને કોઈ હથીયારથી ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરીયાદીએ તેમની ફરીયાદમા હાલના અરજદારે ગાળો બોલેલાની અને ગડદાપાટુનો માર મારેલાનો આક્ષેપ કરેલ છે. સદર કામની તપાસ અરજદાર પુરતી થઈ ગયેલ છે. અરજદાર પાસેથી કોઈ હથીયાર કે કોઈ ચીજ વસ્તુ રીકવર કરવાની કે ડીસ્કવર કરવાની રહેતી નથી. આ કામના ઈજા પામનાર ફરીયાદી તથા તેમની પત્નીને અરજદારથી કોઈ મેજર ઈજાઓ થવા પામેલ નથી અને તેઓ કોઈ સારવાર હેઠળ નથી. અરજદાર વિરૂધ્ધ ગેરકાયદેસર મંડળી રચી હોય અને તેના ભાગ રૂપે કહેવાતો કોઈ બનાવ બનેલ હોય તેવો પણ કોઈ આક્ષેપ ફરીયાદીની ફરીયાદમા કરવામા આવેલ નથી. અરજદાર છેલ્લા વીસ–પચ્ચીસ વર્ષથી સુરત મુકામે તેઓના કુટુંબ સાથે રહે છે અને રીક્ષા ડ્રાઈવીંગ કરે છે અને આંત્રોલી મુકામે તેમની ખેતી આવેલ હોય ખેતીના પાકની દેખરેખ સારૂ અરજદારના ભાઈને તથા તેમના કુટુંબીને જમીનો સોંપેલ છે અને તે જમીનોની સીવીલ તકરારો હાલમા અન્ય ઈસમો સામે ચાલે છે અને સદર જમીનો બાબતે અરજદાર કે તેમના કુટુંબીજનો કોઈ કાર્યવાહી ફરીયાદી કે તેના સગા વિરૂધ્ધ ના કરે તેવા દબાણ લાવવાના બદહેતુસર હાલના અરજદારને મજકુર કામે સંડોવી દેવામા આવેલ છે. અરજદાર સુરત મુકામે રહેતા હોય અરજદારની અટક પણ સુરતથી કરવામા આવેલ છે જે હકીકત જોતા પણ અરજદારે કહેવાતા ગુનામા કોઈ ભાગ ભજવેલ નથી. અરજદાર વિરૂધ્ધ અગાઉ જમીનના ઝઘડા બાબતે ખોટા આક્ષેપો કરી ફરીયાદીના પત્ની લક્ષ્મીબેને ફરીયાદ આંતરસુંબા પો. સ્ટે. મા દાખલ કરેલ જેમાં અરજદારને જામીન ઉપર પોલીસે મુકત કરેલા છે અને હાલ કહેવાતી ફરીયાદોની કાર્યવાહી પેન્ડીંગ છે અને અરજદારનુ કોઈ ગુનાહીત ઈતિહાસ ભુતકાળ નથી કે અરજદાર કોઈ ગુનાહીત પ્રવૃત્તિમા સંડોવાયેલ નથી કે કોઈ કોર્ટે તેઓને ગુનેગાર

ઠરાવેલ નથી કે સજા કરેલ નથી. વધુમાં અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે તેમજ ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી તથા વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૦૬૨૬૦૦૪૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામના અરજદાર/આરોપી તથા સહઆરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ગુનો કરેલ છે. અરજદાર/આરોપીએ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે. ઈજા પામનાર લક્ષ્મીબેન હાલ હોસ્પી.મા સારવાર હેઠળ છે. જેથી હાલના અરજદારને જામીન ઉપર મુકત કરવામા આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતાને નકારી શકાય નહી. સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. વધુમાં વિધ્વાન એ. પી. પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૦૬૨૬૦૦૪૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતા અરજદાર / આરોપી તથા સહઆરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. ઈજા

પામનાર સાહેદ લક્ષ્મીબેન હાલ હોસ્પી.માં સારવાર હેઠળ છે. વધુમાં અરજદાર/આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામા આવે તો સુલેહ ભંગ થવાની પુરેપુરી શકયતા છે. જો આ તબકકે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવનાને નકારી શકાય નહી. આમ અરજદાર/આરોપી વિરૂઘ્ધ સદર ગુનામા આક્ષેપો અને અન્ય તમામ સંજોગો ઘ્યાને લેતાં અરજદાર/આરોપીની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ના પરીક્ષેપમા આવતી ન હોય અદાલતને પ્રાપ્ત કલમ–૪૮૩ની મનસુફીની સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને હાલના તબકકે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૫૦/૨૦૨૬ **<u>નામંજૂર</u>** કરવામાં આવે છે.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૨૦, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૦/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ